ગાંધીનગર સમાચાર

શહેરમાં નમી પડેલા વૃક્ષો ભયજનક હાલતમાં

# આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક યોજાશે

**વિસ્તાર વિકાસ ગ્રાન્ટના વપરાશ અંગેની નીતિ તૈયાર કરવા ઉપરાંત રંગમંચના નિયમોમાં સુધારા કરાશે**

ગાંધીનગર, તા. ૧૮

આજે ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની મળનારી બેઠકમાં કાઉન્સીલરોને અપાતી વિકાસ ગ્રાન્ટ અંગેની નવી નીતિને આખરી ઓપ આપવામાં આવશે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક બપોરે ૩.૩૦ વાગે મનપાની કચેરીમાં આવેલ સ્થાયી સમિતિના સભાખંડમાં મળશે.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં નગરના કાઉન્સીલરોને વિસ્તારમાં વિકાસના કામો હાથ ધરવા અંગેની નીતિ આખરી કરી દેવામાં આવશે. તાજેતરમાં મળેલ સામાન્ય સભામાં મેયર પ્રવિણ પટેલે આ નીતિ હવે પછીની સ્થાયી સમિતિની બેઠકમાં આખરી થઈ જશે તેવા સ્પષ્ટ સંકેત આવ્યા હતા.

નવી નીતિમાં શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણની બાબતો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. ખાસ કરીને આંગણવાડી તેમજ પ્રા. શાળાઓમાં ખુટતી કડીઓ પુરી કરવા વિશેષ ભાર મુકવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં રંગમંચ માટેના જે નિયમો હાલ છે તેમાં કેટલાક સુધારા-વધારા કરવામાં આવનાર છે. આ ઉપરાંત જે ઉદ્યાનો સરકાર દ્વારા મનપાને

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નમી પડેલા વૃક્ષો ભયજનક હાલતમાં

**ટ્રીમીંગ પણ થતુ નથી : ગત જુલાઇ દરમિયાન ગાંધીનગરમાં ૭૦૦ વૃક્ષો જમીનદોસ્ત થયા હતા**

ગાંધીનગર તા ૧૮

શહેરમાં વૃક્ષોનુ ટ્રીમીંગ ન થતા ચોમાસા દરમિયાન સેકટરોમાં નમી પેડલા વૃક્ષોના ડાળા જોખમી પુરવાર થયા છે. વરસાદી દિવસોમાં શહેરના મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો પર વૃક્ષોના ડાળા તુટીને નીચે પડતા નજરે પડે છે. ગત જુલાઈ મહીનામાં તોફાની વરસાદ દરમિયાન ગાંધીનગરમાં ૭૦૦ જેટલા વૃક્ષો જમીન દોસ્ત થયા હતા. ત્યારે હજુ પણ ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ છે. વૃક્ષોનુ ટ્રીમીંગ ન કરાતા આમ નાગરિકો માટે જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ છે.

ગત જુલાઈ દરમિયાન તોફાની વરસાદના લીધે શહેરમાં ઠેર ઠેર વૃક્ષો જમીનદોસ્ત થયેલા જોવા મળ્યા હતા. જયારે ભારે પવનના લીધે હરિયાળીનો સોથ વળી ગયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

**મકાન વેચવાનું છે**
૯૦ ચો.મી.માં ૪ રૂમ, રસોડું
પ્લોટ નં. ૯૫૧/૧,
સેક્ટર-૧૩/બી, ગાંધીનગર
સંપર્ક કરો
મો. : ૯૮૨૪૩ ૧૮૯૧૫
મો. : ૯૯૭૪૦ ૧૪૭૬૯



રખડતા ઢોર પકડવાની ઝુંબેશ : શહેરમાં આજકાલ રખડતા ઢોરના ત્રાસને નાથવા તંત્ર દ્વારા ખાસ અભિયાન ચલાવાય છે... ભેંસો, ગાયો અને આખલાઓ શહેરના મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો પર વાહન ચાલકો માટે હાલાકી સર્જતા હોય છે... ત્યારે આ ઝુંબેશ આશીર્વાદરૂપ બની રહેશે... રખડતા ઢોરથી ગંદકી પણ ખુબ થાય છે... આમ સ્વચ્છ ગાંધીનગરના સ્વપ્રને સાકાર કરવામાં રખડતા ઢોરને પકડવાની કામગીરી પૂરક બનશે...

# ગુણવત્તાસભર આરોગ્ય સેવા માટે જિલ્લાના સાત આરોગ્ય કેન્દ્રો રાજયમાં ખરા ઉતર્યા

**સાત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને રૂ. ૫૦ હજાર અને સામુહિક આરોગ્ય કેન્દ્રને રૂ. ૧ લાખનું પારિતોષિક મળશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ૭ પ્રા. આરોગ્ય કેન્દ્રો અને ૧ સામુહિક આરોગ્ય કેન્દ્રની ક્વોલીટી એસ્પોરન્સ સ્ટાન્ડર્ડની જાળવણી માટે રાજયકક્ષાએ પસંદગી થઈ છે અને રૂ. ૫૦ હજારનું એક એવા સાત ઈનામો પ્રા.આ. કેન્દ્રને અને સામુહિક આરોગ્ય કેન્દ્રને રૂ. ૧ લાખનું પારિતોષિક મળ્યું છે.

જિલ્લા આરોગ્યતંત્રએ ક્વોલીટી એસ્પોરન્સ સ્ટાન્ડર્ડ માટે ૭ પ્રા. આ. કેન્દ્રોની જે દરખાસ્ત મોકલી હતી તેમાં સાતેય કેન્દ્રો ખરા ઉતર્યા છે. આ રાજયકક્ષાની સ્પર્ધામાં પસંદગી પામેલા સાત કેન્દ્રો પૈકી માણસાના પુંધરા પ્રા.આ. કેન્દ્રની તો

● અનુસંધાન પાન-૭ પર

# સરદાર હોલના વિસ્તૃતીકરણ પ્રોજેક્ટને આજે પંચાયતની કારોબારી મંજૂરીની મહોર મારશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના સરદાર હોલના વિસ્તૃતીકરણની યોજનાને આજે પંચાયતની કોરોબારી સમિતિ મંજૂરીની મહોર મારશે.

જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકીના અધ્યક્ષપદે મળનારી બેઠકમાં સામાન્ય સભા માટે બનાવાયેલ સરદાર હોલના વિસ્તૃતીકરણની યોજનાને મંજૂરીની મહોર મારશે. રૂ. ૫ લાખનો ખર્ચ આ વિસ્તૃતીકરણ માટે અંદાજવામાં આવ્યો છે. આ માટે અંદાજપત્રમાં રૂ. ૧૦ લાખની જોગવાઈ કરાઈ છે. જે ઉલ્લેખનીય છે.

મળતી વિગતો પ્રમાણે આજે મળનારી કારોબારી સમિતિની બેઠકમાં સપ્ટે. થી ડિસેમ્બરના ત્રિમાસિક હિસાબોને બહાલી આપવામાં આવનાર છે એટલુ જ નહિ કેટલીક એન.એ.ની ફાઈલોને પણ બહાલી આપવામાં આવનાર છે.

ઘણા લાંબા સમય બાદ મળી રહેલ કારોબારી સમિતિની બેઠકમાં સરદાર હોલના વિસ્તૃતિકરણની યોજનાને મંજૂરી મળતાં જ પંચાયતની પાર્કિંગની સમસ્યા વધુ ઘેરી બનશે કારણ કે કેટલાક દ્વિચક્રી વાહનો જે

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા વિસ્તારમાં એલ.ઈ.ડી. લાઈટનુ અજવાળુ પથરાશે

**ગુડા દ્વારા એક હજાર એલ.ઇ.ડી.લાઇટ લગાવાશે સરગાસણ, કોબા, રાંદેસણ, વાવોલ, કોલવડા, પેથાપુર વિસ્તારમાં એલ ઇ ડી લાઇટ લગાવી અંધારુ ઉલેચાશે**

ગાંધીનગર તા ૧૮

ગુડા વિસ્તારમાંથી અંધારુ ઉલેચવા માટે એલ ઈ ડી લાઈટ લગાવાનુ શરૂ કરી દેવાયુ છે. ગુડા દ્વારા ૪ કરોડના ખર્ચે એલ ઈ ડી લાઈટ લગાવામાં આવશે હાલ એલ ઈ ડી લાઈટના ૫૦૦ જેટલા પોલ્સ લગાવી દેવાયા છે. ગુડા વિસ્તારમાં ગ્રામ પંચાયતો પણ બીલ ભરપાઈ કરશે તો ગુડા દ્વારા એલ ઈ ડી લાઈટ લગાવી દેવાની તૈયારી દર્શાવાઈ છે. ગુડા દ્વારા વાવોલ કોલવડા પેથાપુર રાંદેસણ કોબા સહીતના વિસ્તારમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાશે.

ગુડા વિસ્તારમાં અંધારુ ઉલેચવા માટે રૂ ૪ કરોડના ખર્ચે એલ ઈ ડી લાઈટ નાંખવામાં આવશે. ગુડા વિસ્તારમાં પાયાની સુવિધાના કામો હાથ ધરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ટી પી વિસ્તારમાં રસ્તા ઉપરાંત સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં પણ હાલ એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ પ્રાયોગિક ધોરણે અમલી બનાવી શહેરના આડા રસ્તા પર એલ ઈ ડી લાઈટો ફીટ કરવામાં આવી છે. ત્યારે ગુડા વિસ્તારમાં પણ એલ ઈ ડી લાઈટની ઝળહળા કરવામાં આવી રહી છે. ગુડા દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પાથરવા ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જે અન્વેય હાલની સ્થિતિએ એલ ઈ ડી લાઈટના ૫૦૦

● અનુસંધાન પાન-૭ પર

# સંગીતા ચાંડપા સામે કાયદેસરની કાર્યવાહી કરો : બ્રહ્મસમાજ

**બ્રહ્મસમાજના આગેવાનોએ ડી જી પીને રજુઆત કરી : ત્વરિત કાર્યવાહી નહીં કરવામાં આવે તો બ્રહ્મસમાજના આગેવાનો વિવિધ કાર્યક્રમ આપશે**

ગાંધીનગર તા ૧૮

ગીર સોમનાથમાં આપની



મહીલા પ્રમુખે બ્રાહ્મણો માટે અભદ્ર ભાષામા ટીપ્પણી કરતા ભુદેવો રોષે ભરાયા છે. આ મામલે આજે ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા ડી જી પીને રજુઆત કરવામાં આવી હતી. બ્રહ્મસમાજના આગેવાનોએ આ અંગે બંધારણ મુજબ કાર્યવાહી કરી જરૂરી પગલા લેવા આદેશ કરવાની માંગ કરી છે. જયારે આ અંગે કોઈ પગલા નહી લેવાય તો સમાજ દ્વારા આગામી દિવસોમાં વિવિધ કાર્યક્રમ થકી લડત આપવામાં આવશે


બ્રહ્મસમાજ વિશે અભદ્ર ટીપ્પણી કરવા બદલ સમાજના આગેવાનો દ્વારા સંગીતા ચાંડપાની વિરૂધ્ધ પોલીસને ફરિયાદ કરવામાં આવી છે. જયારે સંગીતાની અભદ્ર ટીપ્પણીથી ભુદેવોની લાગણીને ઠેસ

● અનુસંધાન પાન-૭ પર

ગુરૂપુર્ણિમાના પાવન પર્વે
શત્ શત્ પ્રણામ
गुरुब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥



શ્રી એન. પી. પટેલ



પૂજ્ય પ્રાગદાસ બાપા

ગુરૂપૂર્ણિમાના પર્વે તા. ૧૯/૭/૨૦૧૬ને મંગળવારે ઉત્તર ગુજરાતના હારીજ તાલુકાના કાઠી ગામે સવારે ૯ થી ૧૧ કલાકે ગુરૂ મહિમા
બપોરે ૧૨ થી ૪ પર્જન્ય યજ્ઞ, પાવન પ્રસંગે પધારવા નિમંત્રણ
સૌજન્ય : વેસ્ટર્ન એગ્રી સીડ્સ લિ. જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, ગાંધીનગર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com